Advertisement No. RC (I/LC) /1434/2022 (Peons)

# હાઈકોર્ટ ઓફ ગુજરાત

સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

વેબ સાઈટ્સઃ **hc–ojas.gujarat.gov.in** તથા **gujarathighcourt.nic.in**

જાહેરાત ક્રમાંકઃ આર.સી.(**I**/**LC**)/૧૪૩૪/૨૦૨૨ (પટાવાળા)

## ગુજરાત રાજ્યની ઔદ્યોગિક અદાલતો અને મજૂર અદાલતોમાં પટાવાળા (વર્ગ–૪) ની ભરતી

(જેમાં પટાવાળા, ચોકીદાર, હોમ એટેન્ડન્ટ – ડોમેસ્ટિક એટેન્ડન્ટ, સહિતનો સમાવેશ થાય છે.)

| ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| શરુ થતી તારીખ અને સમય | **તા. ૧૧/૦૫ /૨૦૨૩** | **બપોરે ૧૨.૦૦ કલાકથી** |
| છેલ્લી તારીખ અને સમય | **તા. ૦૧/૦૬/૨૦૨૩** | **રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી** |

**યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ**

(**નોંધઃ** અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે)

| | |
|---|---|
| **હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા** | **તા. ૦૯/૦૭/૨૦૨૩** |

**અગત્યની નોંધ**

૧. ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોઈ, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે**.

૨. ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે **હાઈકોર્ટ ખાતે ફોન ન કરતાં, ઉપર દર્શાવેલ વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્યની **ઔદ્યોગિક અદાલતો અને મજૂર અદાલતો હસ્તકની** પટાવાળા વર્ગ–૪ ની ભરતી, જેમાં પટાવાળા, ચોકીદાર, હોમ એટેન્ડન્ટ – ડોમેસ્ટિક એટેન્ડન્ટ (મોટાભાગે ન્યાયાધીશશ્રીઓના નિવાસ સ્થાને), સહિતનો સમાવેશ થાય છે, **જે માટે ની કુલ–૧૧ જગ્યાઓ** સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

## ૧. (ક) **કક્ષા / કેટેગરી જગ્યાની સંખ્યાઃ**

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી | | | | | સ્ત્રીઓ માટે અનામત જગ્યાઓ (કક્ષા/કેટેગરી દીઠ જગ્યાઓપૈકી) | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Gen | SC | ST | SEBC | EWS | Gen | SC | ST | SEBC | EWS | Differently Abled | Ex-Service men |
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) | (9) | (10) | (11) | (12) | (13) |
| ૧૧ | ૨ | ૦ | ૦ | ૨ | ૭ | ૧ | ૦ | ૦ | ૧ | ૨ | ૨ | ૨ |

(૧) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર હાઇકોર્ટને રહેશે.

(૨) **ડિફ્રન્ટલી એબલ્ડ ઉમેદવાર ના કિસ્સામાં** પટાવાળા ની ફરજ / કામગીરીનો પ્રકાર તેમજ 'ધી રાઇટ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ, ૨૦૧૬' ની સેકશન–૩૪માં કરેલ જોગવાઇ અનુસાર માત્ર **'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ (લોકોમોટોર ડીસએબીલીટી)'** ઉમેદવારો જ અરજી કરી શકશે.

(૩) ઉપરોક્ત જગ્યાઓ પૈકી મોટાભાગની ખાલી જગ્યાઓ ન્યાયાધિશશ્રીઓના **નિવાસસ્થાને ફરજ અંગેની છે.**

(૪) **ઉપરોક્ત જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોએ ઉપરોક્ત જે જગ્યાએ તેઓને ફરજ પર મૂકવામાં આવે, ત્યાં જે પ્રકારનું કામ સોંપવામાં આવે, તે કામ કરવાનું રહેશે.**

**(ખ) <u>પગાર ધોરણ (૭ મા પગારપંચ પ્રમાણે)</u> :– રૂ.૧૪,૮૦૦–૪૭,૧૦૦/–**

## ૨. <u>અનામત:</u>

**(ક)** અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS), મહિલા ઉમેદવારો, ડિફ્રન્ટલી એબલ્ડ (DA) તેમજ માજી સૈનિક (Ex–Servicemen) ના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઇઓ / નીતિઓ લાગુ પડશે.

**(ખ)** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

## ૩. <u>યોગ્યતા/લાયકાત અંગેના ધોરણો:</u>

**(ક) <u>જરૂરી લાયકાત</u>** – (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

(૧) સરકાર માન્ય બોર્ડમાંથી ધોરણ–૧૦ (SSCE) કે તેને સમકક્ષ સરકાર માન્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

(૨) ગુજરાત હાઇકોર્ટ દ્વારા સમય – સમય પર નિર્ધારિત થયેલ / કરવામાં આવી શકે, તે મુજબનું સંબધિત કાર્ય કૌશલ્ય હોવુ જોઇએ.

(૩) ઉમેદવારને **ગુજરાતી અને / અથવા હિન્દી ભાષાનું પુરતુ જ્ઞાન** હોવુ જોઇએ.

**(ખ) <u>વયમર્યાદા</u>** – (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

| ન્યુનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

## (ગ) <u>વયમર્યાદામાં છૂટછાટ</u> –

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારો, ડિફ્રન્ટલી એબલ્ડ, મહિલા અને માજી સૈનિક ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / ઠરાવો / જોગવાઇઓ / નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| **કક્ષા/કેટેગરી** | **છૂટછાટ** | **માજી સૈનિક** | **રાજ્ય સરકારના કર્મચારીઓ માટે** |
|---|---|---|---|
| સામાન્ય | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૦૩ વર્ષ | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નીચે (ગ) (૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |
| સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગ | ૫ વર્ષ | | |
| આર્થિક રીતે નબળાં વર્ગ | ૫ વર્ષ | | |
| ડિફ્રન્ટલી એબલ્ડ | ૧૦ વર્ષ | | |

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે:

**“અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં <u>વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો</u> બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે.”**

<u>દા.ત.</u> કોઇ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઇ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે, એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

**<u>નોંધ:</u> સામાન્ય વહીવટી વિભાગ (ગુજરાત સરકાર) ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧/૨૦૨૧/ ૪૫૦૯૦૦/ગ.૫, તારીખ ૨૯/૦૯/૨૦૨૨ ને ધ્યાનમાં રાખીને, આ ભરતી પ્રક્રિયામાં ઉપલી વય મર્યાદામાં હાઇકોર્ટ દ્વારા ૦૧ વર્ષની છૂટછાટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**

**<u>નોંધ:</u> ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ કોઇપણ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઇએ.**

## ૪. <u>પરીક્ષા ફી અંગેની  માહિતી અને ફી ભરવાની રીતઃ</u>

(ક) પરીક્ષા **ફીઃ–** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| | |
|---|---|
| **સામાન્ય વર્ગ** | રૂા.૬૦૦/– + બેંક ચાર્જીસ |
| **અ.જા. / અ.જ.જા. / સા. અને શૈ.પ. વર્ગ / આ.ન. વર્ગ / ડિફ્રન્ટલી એબલ્ડ / માજી સૈનિક ઉમેદવારો માટે** | રૂા.૩૦૦/– + બેંક ચાર્જીસ |

(ખ) **પરીક્ષા ફી ભરવાની રીતઃ–**

(૧) ઉમેદવારે **HC–OJAS** પોર્ટલ પર ઉપલબ્ધ '**પ્રિન્ટ એપ્લીકેશન / પે–ફી**' મેનુ બટન દ્વારા '**SBI e–pay**' થી ફી ભરવાની રહેશે. ઉમેદવારે ત્યાં આપેલ '**Instructions / Help**' ને ધ્યાનપૂર્વક વાંચી અને સમજી લેવી. ફી બે રીતે ભરી શકાશે **(a)** ઓનલાઇન પેમેન્ટ અને **(b)** ઓફ લાઇન પેમેન્ટ–

**(a)** **<u>ઓનલાઇન પેમેન્ટ મોડઃ</u>** '**SBI e–pay**' દ્વારા નેટ બેન્કીંગ, ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, મોબાઇલ બેન્કીંગના માધ્યમથી ઓનલાઇન ફી ભરી શકાશે. ઓનલાઇન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઈ–રીસીપ્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા તથા પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે. જો કોઇ કારણોસર ટ્રાન્જેક્શન / પેમેન્ટ નિષ્ફળ થાય તો તે માટે ત્યાં આપેલ '**Instructions / Help**' નુ પાલન કરવાનું રહેશે.

*ઈ–રીસીપ્ટ જે તે સમયે જ જનરેટ થતી હોવાથી તેની હાર્ડ કોપી અને સોફ્ટ કોપી સાચવીને રાખવી ત્યારબાદ ફરીથી મેળવી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવી.*

**(b)** **<u>ઓફ લાઇન પેમેન્ટ મોડઃ</u>** જો ઉમેદવાર '**કેશ ચલણ (ઓફ લાઇન)**' ઓપ્શન સીલેક્ટ કરશે તો, 'કેશ–ચલણ' પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં **SBI** ની કોઇપણ બ્રાન્ચમાં જરૂરી ફી ભરવાની રહેશે. ચલણની એક કોપી બેંક લઇ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે, જે ઉમેદવારે પરીક્ષા તથા પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાની રહેશે. **ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી કોઈપણ સંજોગોમાં પરીક્ષા ફી ભરી શકાશે નહીં.**

(૨) <u>ઉમેદવારે ઈ–રીસીપ્ટ કે કેશ ચલણની કોપી ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવીને રાખવાની રહેશે તથા જ્યારે જ્યારે હાઇકોર્ટ દ્વારા માંગવામાં આવે ત્યારે ત્યારે રજૂ કરવાની રહેશે.</u>

(૩) ઉમેદવારે કન્ફર્મ કરેલ 'ઓનલાઈન એપ્લીકેશન' ફક્ત ત્યારે જ માન્ય ગણાશે કે જ્યારે ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન '**SBI e-pay**' દ્વારા જરૂરી ફી ભરેલ હશે.

(૪) જે ઉમેદવારે નિયત સમય મર્યાદામાં ઓન લાઇન મોડ દ્વારા તા.૧૧/૦૫/૨૦૨૩ થી તા.૦૧/૦૬/૨૦૨૩ **અથવા** ઓફ લાઇન મોડ દ્વારા કેશ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ સુધીમાં યોગ્ય ફી ભરેલ હશે તે ઉમેદવારની અરજી ને માન્ય ગણવામાં આવશે.

(૫) આ સિવાય અન્ય કોઈપણ માધ્યમ દ્વારા કે અન્ય બેંકમાં ભરેલ ફી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં અને જે તે ફી પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઈ જગ્યા માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) એક વખત ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં તે પરત કરવામાં આવશે નહીં. તેમજ અન્ય ભરતી પ્રક્રિયા માટે બદલી આપવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. તેથી ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો ઉમેદવાર યોગ્યતા ધરાવતાં હોય તો જ સૂચવ્યાનુસાર ફી ભરવી.

## ૫. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

### (ક) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા : (સંભવિત તા.૦૯/૦૭/૨૦૨૩)

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ **૧૦૦ પ્રશ્નો** તથા કુલ **૧૦૦ ગુણની** રહેશે.
(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.
(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **૦.૩૩ નકારાત્મક ગુણ** રહેશે.
(૪) પરીક્ષાનો સમયગાળો ૧ કલાક અને ૩૦ મિનિટ(**૯૦ મિનિટ**) નો રહેશે.
(૫) **અભ્યાસક્રમ** નીચે મુજબ રહેશે.

| અ.નં. | વિષય |
|---|---|
| ૧ | ગુજરાતી ભાષા |
| ૨ | સામાન્ય જ્ઞાન |
| ૩ | ગણિત |
| ૪ | રમતગમત |
| ૫ | રોજબરોજની ઘટનાઓ |

(૬) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં સામાન્ય વર્ગના ઉમેદવારોએ ઓછામાં ઓછા **૫૦ ગુણ** અને સા.શૈ.પ.વર્ગ, આર્થિક રીતે નબળાં વર્ગ, ડિફ્રન્ટલી એબલ્ડ અને માજી સૈનિક વર્ગના ઉમેદવારોએ ઓછામાં ઓછા **૪૫ ગુણ** મેળવવાના રહેશે. ત્યારબાદ, મેરીટના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

(૭) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૮) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

(૯) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તિર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે 'પ્રમાણપત્ર ચકાસણી / ડોક્યુમેન્ટ વેરીફીકેશન' માટે યોગ્ય / લાયક ગણવામાં આવશે.

(૧૦) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અંગે રીચેકીંગ / રીએસેસમેન્ટ / ઈન્સ્પેકશન માટેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

**(ખ) ઉમેદવાર ઉપર જણાવેલ વેબસાઈટ પરથી પરીક્ષાના એક સપ્તાહ અગાઉ તથા પરીક્ષાની તારીખ સુધી જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે.**

## ૬. <u>પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદીઃ</u>

(૧) **પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઈટ** ઉપર મુકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૨) પસંદગી યાદી, ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મેરીટ પ્રમાણે તૈયાર કરવામાં આવશે.

(૩) પ્રકાશિત થયેલ જગ્યા માટે મેરીટને આધારે **પસંદગી યાદી** તેમજ **પ્રતિક્ષા યાદી** તૈયાર કરવામાં આવશે.

(૪) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદી / પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણુક મેળવવા હકદાર બનશે નહીં.

(૫) ભરતી નિયમોમાં ઠરાવ્યાનુસાર કુલ જગ્યાઓની સંખ્યાના **૧૦ ટકા**થી વધે નહીં તેટલી સંખ્યાની **પ્રતિક્ષા યાદી** તૈયાર કરવામાં આવશે. જેનો ઉપયોગ, પ્રવર્તમાન નિતી-નિયમો અને જરૂરીયાત મુજબ કરવામાં આવશે.

(૬) પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદીનો સમય પ્રકાશિત કરેલી જગ્યાઓ ભરાઈ જાય ત્યાં સુધી અથવા તો પ્રકાશિત થયાથી ૦૧ વર્ષ, આ બન્નેમાંથી જે વહેલાં હશે / થશે ત્યાં સુધી જ રહેશે.

(૭) **ઉમેદવારોની પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રી સાહેબને મોકલવામાં આવશે.** આવી મેરીટ યાદી, જે તે કેટેગરીની ઉપલબ્ધ જગ્યાઓ, ઉમેદવારની કેટેગરી ઘ્યાને લઇ તૈયાર કરવામાં આવશે. **ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રી સાહેબ દ્વારા જે તે ઉમેદવારને કોઈપણ જીલ્લાની ઔદ્યોગિક / મજૂર અદાલતમાં ફાળવણી કરવામાં આવશે, જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.**

(૮) હાઇકોર્ટ સમિતિની ભલામણ / સૂચનાનુસાર, **ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રી સાહેબ દ્વારા** સબંધિત ઉમેદવારને **નિમણુક પત્ર** આપવામાં આવશે.

(૯) જો ઉમેદવાર આપવામાં આવેલ નીમણુક , નિયત શરતોને આધીન નિયત સમયમર્યાદામાં નિયમોનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણુકનો હક ગુમાવશે** અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણુક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં અને હાઇકોર્ટ દ્વારા પસંદગી યાદી/પ્રતિક્ષાયાદી મુજબ અન્ય ઉમેદવારોને નિમણુક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ૭. <u>નિમણુક માટેની અયોગ્યતાઃ</u>

નીચે મુજબની વ્યકિત નિમણુંક માટે અયોગ્ય ગણાશેઃ

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તે વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક / કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને કોઇ ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેણે ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ–લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય,

(૬) ઉમેદવાર જે કોઈપણ પરીક્ષા / ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય સામગ્રી સાથે પકડાયેલ હોય અને પરીક્ષામાં ગેરરીતી આચરેલ હોય.

## ૮. અરજી કરવાની રીતઃ

(૧) ઉમેદવારે સૂચના મુજબ ઓનલાઇન અરજીમાં જરૂરી વિગતો ભરવી.

(૨) ઓનલાઇન અરજી કરતા પહેલા ઉમેદવારે સંપૂર્ણ અને વિગતવાર આ જાહેરાત વાંચી, સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ? તેની ચકાસણી કરી લેવા સુચન કરવામાં આવે છે. ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણ સાચી હોવી જોઇએ. જો કોઇ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઇ ઉમેદવારે પોતાની સામે થયેલ દિવાની / ફોજદારી ફરિયાદ સબંધિત મહત્વની હકીકતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગૂંચવણભરી આપેલ હોય અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે. જો નિમણૂંક પછી પણ આ પ્રકારની ખામી / ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો આવાં ઉમેદવારની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

(૩) યોગ્યતા ધરાવતાં ઉમેદવારે **hc–ojas.gujarat.gov.in –** વેબસાઇટના માધ્યમથી ઓનલાઈન અરજી કરવાના સમયગાળા **દરમિયાન** અરજી કરવાની રહેશે તથા નિયત પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૪) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં પોતાની પાસે જ રહેનાર ચાલુ / એક્ટીવ મોબાઇલ નંબર રજીસ્ટર કરવાનો રહેશે. જરૂર જણાયે ઓનલાઇન અરજીમાં દર્શાવવામાં આવેલ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર **SMS** દ્વારા પરીક્ષા સબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી તે મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત / એક્ટીવ રાખવાની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે, જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યુ તેમજ હિતાવહ છે.

(૫) ઓનલાઇન અરજી કરતા પહેલા ઉમેદવારે ફોટો અને સહી નીચે જણાવેલ સાઇઝ / માપ મુજબ અલગ–અલગ સ્કેન કરવાના રહેશે. પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફની લંબાઇ / પહોળાઇ ૫ સે.મી. x ૩.૬ જેટલી અને સહીની લંબાઇ / પહોળાઇ ૨.૫ સે.મી. x ૭.૫ સે.મી. જેટલી હોવી જોઇએ. સ્કેન કરેલ ફાઇલની સાઇઝ ૧૫ kb થી વધુ ન હોવી જોઇએ. સ્કેન કરેલી ફાઇલ 'jpg' ફોર્મેટમાં જ સેવ કરવી.

(૬) **HC–OJAS (હાઇકોર્ટ ઓજસ) માં ઓનલાઇન અરજી કરવાના સ્ટેપ :**

(ક) વિગતવાર જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ, ઓનલાઇન એપ્લીકેશનમાં માંગવામાં આવેલ વિગતો સમજી, ચકાસી અને ભૂલ રહિત ભરવી.

(ખ) 'Apply Online' બટન ઉપર ક્લીક કરી, ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ ભરવુ.

(ગ) ઓનલાઇન એપ્લીકેશન ફોર્મના અંતે આપેલ 'SAVE' બટન ઉપર ક્લીક કરી ઓનલાઇન એપ્લીકેશનને સેવ કરવી.

(ઘ) સેવ કર્યા બાદ, એક પોપ-અપ વિન્ડો ખુલશે. જેમાં તમારો 'એપ્લીકેશન નંબર' જોવા મળશે. જે ઉદાહરણરૂપે આ પ્રમાણેનો હશે – 'HCG/202223/103/11111111' જે નંબર નોંધી લેવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની પાસે સાચવીને રાખવો. આ જ પેજમાં "Show Application Preview" બટન ઉપર ક્લીક કરવાથી તમે ભરેલ તમામ વિગતો દેખાશે. જેની ખરાઈ જે તે ઉમેદવારે કરવાની રહેશે.

(ચ) ત્યારબાદ 'Upload Photograph' બટન દ્વારા સ્કેન કરેલ ફોટો અને ત્યારબાદ 'Upload Signature' બટન દ્વારા સ્કેન કરેલ સહી અપલોડ કરવાના રહેશે. ઉમેદવારે ખાતરી કરી લેવી કે અપલોડ કરેલ ફોટો અને સહી બન્ને વ્યવસ્થિત દેખાય છે.

**<u>નોંધઃ</u> ઉમેદવાર દ્વારા જે સહી સ્કેન કરીને ઓનલાઇન એપ્લીકેશનમાં અપલોડ કરવામાં આવશે તેવી જ સહી જે તે ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે કરવાની રહેશે. જો સહીમાં ફેરફાર જણાશે, તો આવાં ઉમેદવારની ઉમેદવારી રદ કરવા યોગ્ય પગલા લેવામાં આવશે.**

(છ) જો **એપ્લીકેશનમાં** કોઈ ભુલ રહી ગઈ હોય તો, તેને સુધારવા માટે 'Edit Application' બટન ઉપર ક્લીક કરી, જરૂરી વિગતો જેવી કે 'Application Number' અને 'Birth Date' ભર્યા બાદ, એપ્લીકેશનમાં સુધારા-વધારા કરી શકશે. સુધારા-વધારા કર્યા બાદ એપ્લીકેશન ફરીથી સેવ કરવી.

(જ) જો એપ્લીકેશનમાં ભરેલી તમામ વિગતો સાચી અને ભૂલરહિત જણાય તો 'Confirm Application' બટન ઉપર ક્લીક કરી, અરજીને Confirm/ કન્ફર્મ કરવાની રહેશે.

**<u>નોંધઃ</u> એકવાર કન્ફર્મ થઈ ગયેલ અરજી એટલે કે કન્ફર્મેશન નંબર આવી ગયા બાદ, અરજીમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર થઈ શકશે નહીં અને તે ફાઈનલ અરજી ગણવામાં આવશે. આથી અરજી કન્ફર્મ કરતા પહેલા, પ્રિવ્યુનો ઉપયોગ કરી, તમામ વિગતો ચકાસી લેવી હિતાવહ અને સલાહભર્યુ છે. કન્ફર્મ્ડ અરજીમાં અન્ય કોઈપણ પ્રકારના સુધારા-વધારા કરવા અંગેની કોઈપણ પ્રકારની વિનંતી હાઈકોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

(ઝ) ત્યારબાદ Confirm Button ઉપર ક્લીક કરવાથી એક પોપ-અપ વિન્ડો ખુલશે, તેમાં તમારો Application No.(અરજી ક્રમાંક) અને Date of Birth (જન્મ તારીખ) લખ્યા બાદ, Confirm Application Button ઉપર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ Confirmation No. દેખાશે, જેને નોંધી અને સાચવીને રાખો. આ ઉપરાંત તમારા રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર એક **SMS** પણ મળશે, જેમાં કન્ફર્મેશન નંબર હશે. આથી આ **SMS** ડિલીટ કરવો નહીં અને સાચવીને રાખવાનો રહેશે.

(ટ) ત્યારબાદ ઉમેદવારે 'Print Application / Pay Fee' ઉપર ક્લીક કરી જરૂરી ફી ભરવી. ત્યાં આપેલ 'Instructions / Help' ને ધ્યાનપૂર્વક વાંચીને, **સૂચના ક્રમાંક - 4(ખ)(૧) (a) અને (b) માં દર્શાવેલ જરૂરી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.**

**નોંધ : કેશ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(ઠ) છેલ્લે Print Application ઉપર ક્લીક કરી, અરજીની બે પ્રિન્ટ મેળવી લેવી. જે ઉમેદવારે પોતાની પાસે જ રાખવાની રહેશે અને તે હાલ પૂરતું હાઇકોર્ટને મોકલવાની રહેશે નહીં. પરંતુ જ્યારે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે એક નકલ સાથે લઇને આવવાનું રહેશે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ અરજી પ્રિન્ટ કરી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

**<u>નોંધ:</u>** કન્ફર્મેશન નંબર ભુલાઇ ગયેલ હોય તો અરજીનો નંબર / મોબાઇલ નંબર અને જન્મ તારીખના આધારે **hc-ojas.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ 'Candidate Assistance → Candidate Details' દ્વારા મેળવી શકશે.

(ડ) ઉમેદવારે કોઇપણ સંજોગોમાં **એકથી વધારે** ઓનલાઇન અરજી કરવી નહીં.

(ઢ) **ઉપર જણાવેલ રીત** મુજબ **જ ઉમેદવારે ઓનલાઇન અરજી કરવાની રહેશે તથા અન્ય કોઇપણ રીતે / માધ્યમથી કરેલ કોઇપણ અરજી તથા અધૂરી અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

## ૯. <u>સામાન્ય સૂચનાઓ:</u>

(૧) હાઇકોર્ટની રોજબરોજની કામગીરીને અડચણ ન થાય તે માટે ઉમેદવારે સામાન્ય પૂછપરછ માટે ફોન દ્વારા અથવા રૂબરૂમાં હાઇકોર્ટનો સંપર્ક કરવો નહીં. તેને બદલે હાઇકોર્ટની વેબસાઇટ તથા SMS સમયાંતરે ચેક કરતાં રહેવુ.

(૨) ઉપલી વયમર્યાદા / ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC/ST/SEBC/EWS/DA/Ex-Servicemen** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઇકોર્ટ મંગાવે ત્યારે 'ડોક્યુમેન્ટ વેરીફિકેશન'

સમયે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઇકોર્ટને રહેશે.

(૩) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાતપણે હાઇકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ મેડીકલ ઓથોરિટી પાસે મેડીકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જ્યાં સુધી હાઇકોર્ટ દ્વારા નક્કી કરેલ તબીબી સત્તાધિકારી (મેડીકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણુક અથવા નિમણુક પામેલ ઉમેદવારને લાંબા ગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૪) જે ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ કરી હશે અને નિયત ફી ભરી હશે તે ઉમેદવારોને જ હેતુલક્ષી પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવશે.

(૫) ઉમેદવારની યોગ્યતા અથવા કોઇપણ પરીક્ષામાં બેસવા / આપવા દેવા માટે હાઇકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઇકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર / કોલલેટર' ઇસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા / આપવા દેવામાં આવશે નહીં.

(૬) હાઇકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, જે તે પરીક્ષામાં હાજર રહેવા, ઉમેદવારે **સ્વખર્ચે** આવવા–જવાનુ રહેશે. તમામ ઉમેદવારોની બાયોમેટ્રિક માહિતી મેળવવામાં આવશે. પરીક્ષામાં કોઈ અનધિકૃત ઉમેદવારો હાજર ન રહે તેની ખાતરી કરવા માટે પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યા પછી ઓળખની તપાસ કરવામાં આવશે. ઉમેદવારોએ તપાસ માટે સ્ટાફ ને સહકાર આપવા નો રહેશે.

(૭) ઉમેદવારે ઓનલાઇન અરજીનો નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે **hc–ojas.gujarat.gov.in** વેબસાઇટના માધ્યમથી પરીક્ષા માટેનો પ્રવેશપત્ર / કોલલેટર, જે તે પરીક્ષાની તારીખના એક અઠવાડીયા / સપ્તાહ અગાઉ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ ઉમેદવારના ઓનલાઇન અરજીમાં દર્શાવેલ **મોબાઇલ નંબર ઉપર SMS દ્વારા** જાણ કરવામાં આવશે.

(૮) યોગ્ય ઉમેદવારોની યાદી હાઇકોર્ટ વેબસાઇટ તથા **HC–OJAS** પોર્ટલ ઉપર જે તે સમયે મૂકવામાં આવશે.

**નોંધઃ** જે તે પરીક્ષાનો કોલલેટર જે તે પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવી.

(૯) ઉમેદવારે જે તે પરીક્ષા વખતે **પ્રવેશપત્ર / કોલલેટર અને નીચે આપેલ પૈકી કોઈપણ એક ઓરીજનલ ઓળખકાર્ડ** લઇને આવવાનુ રહેશે.

**(ચૂંટણી કમિશ્નર દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાઇસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ)**

(૧૦) દરેક ઉમેદવાર માટે **મોબાઇલ / સેલફોન / સ્માર્ટ ફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો, સ્ટોરેજ ડિવાઈસીસ કે અન્ય કોઈપણ અનઅધિકૃત મટીરીયલ્સ** સાથે લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ ફરમાવામાં આવે છે.

(૧૧) જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમિયાન કોઈ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવુ અથવા ઉપર જણાવેલ યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઇલ વગેરેનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડાં કરવા અથવા જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઈપણ વ્યક્તિની મદદ લેવી અથવા અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તેવાં ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

**<u>નોંધઃ</u> હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં.**

(૧૨) ઉમેદવાર ભરતી પ્રક્રિયાના અંતે જે તે પરીક્ષામાં મેળવેલ ગુણ **hc-ojas.gujarat.gov.in** વેબસાઇટના માધ્યમથી પોતાના માર્કસ મેળવી / જાણી શકશે. ઉમેદવારે આ માટે **HC-OJAS** પોર્ટલના ઉપયોગ દરમિયાન, તેના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર મોકલવામાં આવેલ OTP (One Time Password) નો ઉપયોગ કરવાનો રહેશે. ગેરલાયક ઠરાવેલ ઉમેદવારોને તેમના માર્કસ જણાવવામાં આવશે નહિ.

(૧૩) ઉમેદવાર પરીક્ષામાં **સફળ થવા માત્રથી જ નિમણુક મેળવવા હકદાર બનશે નહીં.**

(૧૪) ઉમેદવારોની જે તે યાદી(લીસ્ટ) માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઈકોર્ટને આખરી સત્તા રહેશે.

(૧૫) જ્યારે હોઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી / ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt / કેશ ચલણ / ફી ભર્યા અંગેનો પુરાવો' ની કોપી સાથે નીચે જણાવ્યા મુજબના જરૂરી અસલ પ્રમાણપત્રો તથા તે પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનુ રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.

(ખ) **શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનુ પ્રમાણપત્ર,**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અંગેનુ માન્ય બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક/પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતાં હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક(માર્કશીટ) / **પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) **અનુ. જાતિ / અનુ. જનજાતિ / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારોના કિસ્સામાં જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ).

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા. અને શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્વાર ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન–ક્રિમીલેયર સર્ટીફિકેટ.**

**આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.** જે પ્રમાણપત્રની માન્યતા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત જોગવાઈઓ મુજબની હોવી જોઈએ.

(ચ) **ડિફ્રન્ટલી એબલ્ડ વ્યકિતના કિસ્સામાં (અ)** લોકોમોટોર ડીસએબીલીટી ૪૦% થી ઓછી નહી હોવા અંગેનું સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર **(બ)** ફરજ બજાવવા માટે સક્ષમ હોવા અંગેનો અભિપ્રાય આપતું સ્ટેન્ડીંગ મેડીકલ બોર્ડ, અમદાવાદ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(છ) જો ઉમેદવાર સામે કોઈ ફોજદારી કે અન્ય કોઈ કેસ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઇ.આર. / ચાર્જશીટ / જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (જો ઉમેદવાર સામે કોઈ કેસ થયેલ હશે અને ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(જ) **માજી સૈનિક ઉમેદવાર**ના કિસ્સામાં **ઓળખકાર્ડ, ડિસ્ચાર્જબુક તેમજ સબંધિત તમામ પ્રમાણપત્રો / દસ્તાવેજો,**

(ઝ) રાજ્ય / કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં '**ના–વાંધા પ્રમાણપત્ર**',

(ટ) જો નામ કે અટકમાં **ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર (ગેઝેટ) ની નકલ,

(ઠ) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ. / એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય** અંગેના **બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)** અને પ્રમાણપત્ર આપનાર ઉમેદવારના સગપણમાં ન હોવા જોઈએ.

(ડ) સૂચના ક્રમાંક – ૯(૯) માં જણાવેલ **પૈકીનામાંથી કોઈપણ એક ઓરીજીનલ ઓળખપત્ર અને તેની નકલ.**

(૧૬) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂંક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો / પ્રલોભનો / રજુઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૭) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ–લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૧૮) ઉમેદવારનો બાયોમેટ્રિક ડેટા પરીક્ષા સ્થળે કેપ્ચર કરવામાં આવશે તેથી તે સમયે દરેક ઉમેદવારે ફરજ પરના સ્ટાફને સહકાર આપવાનો રહેશે.

## ૧૦. આર.ટી.આઇ. એક્ટ હેઠળ અરજીઃ

**સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઇ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**

## ૧૧. આ ભરતી સબંધિત કોઈપણ બાબતે નામદાર હાઇકોર્ટનો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**હાઇકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦.** **Sd/-**
**તારીખઃ ૦૬/૦૫/૨૦૨૩** **રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ)**